# ગઝલ અને હઝલ....૧..

ગઝલનો એક પ્રકાર તે હઝલ. ગઝલકાર
બેકારે હાસ્ય, વ્યંગ, કટાક્ષ ભરપુર
હઝલો આપી છે. જોઈએ થોડીક હઝલોમાં
બેકારની હઝલનીષ્ઠા અને સ્વાભીમાનઃ–

એ ખરું કે એની પાસે પાઈ પણ રાતી નથી
એ ખરું કે એણે લીધી કીર્તી વેચાતી નથી
હું જ એ બેકાર છું દર્શન કરીને ધન્ય થા
ઓળખ્યો તેં ના મને, તો જા તું ગુજરાતી નથી.

પશ્ચીમી સંસ્કૃતીના આક્રમણ પરઃ

દાળની સાથે એ બીસ્કીટ ખાય છે,
એમાં તારા બાપનું શું જાય છે?
દૃષ્ટી મર્યાદાને તારી શું કહું?
પુર્વ– પશ્ચીમ એકતા તો થાય છે!

પ્રેમ પણ વેચાય પાઉન્ડ પેન્સમાં
કેમ ઉતરે મારી કોમનસેન્સમાં
સાથીઓ બદલ્યા કરે જે ડેન્સમાં
એ ભમરડી શું રહે બેલેન્સમાં?

PDF created with pdfFactory trial version www.pdffactory.com

## ફેશનપરસ્તી પરઃ

હવે તો કાંસકી દર્પણ યુવાનોને થયા અર્પણ,
ફક્ત ચોળી અને ચણીયા તથા શણગાર બાકી છે;
યુવકની ચાલ લટકાળી, ને માથે વાળના પટીયાં,
ફક્ત નાજુક પગે ઝાંઝર તણા ઝણકાર બાકી છે.

## જીવનની વીષમતા વીશેઃ

નવાબી ગઇ હવે તલવાર લટકાવીને શું કરશો?
ગયું ખોવાઇ તાળું સાચવી ચાવીને શું કરશો?
જનારા ચેતવી દેજે બીજા અહીં આવનારાને
અમે કાઢ્યા નથી કાંદા, તમે આવીને શું કરશો?

## પોપલા પ્રેમ વીશેઃ

દર્દે–દીલની આ જુઓ કેવી થઇ ઉલટી અસર,
લયલાને બદલે અહીં આવી છે લયલાની મધર!

.....ચાલુ.....

(ઉંઝા જોડણીમાં અને વીજયા–કલાપી ફોન્ટમાં )
લંડનથી પ્રગટતા “ ઓપીનીયન ”માંથી

uttamgajjar@hotmail.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com